# વિશ્વના ૧૪ દેશો ભારતના 'સ્માર્ટ' શહેરો બનાવવા ઉત્સુક, ગુજરાત માટે ૫ ઓફર

## રિજેક્ટ થયેલું ત્રાસવાદ વિરોધી બિલ સુધારા સાથે ફરી ગૃહમાં રજૂ થશે




ચાર્લ્સ કોરિયાએ કહ્યું હતું કે ભારતના શહેરોમાં સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે જ્યાં આપણને વિશ્વ પ્રસિદ્ધ શિલ્પકારો મળે છે. આ વાત એટલા માટે યાદ કરી છે કે ભારત સરકાર દેશના ૧૦૦ શહેરોને સ્માર્ટ શહેરો બનાવવા જઈ રહી છે. કેન્દ્ર સરકાર આ યોજનામાં તેમાં એક લાખ કરોડનું મૂડીરોકાણનો અંદાજ રાખવામાં આવ્યો છે. ધોલેરામાં પણ એટલું જ મૂડીરોકાણ થવાનું છે. બાકીના પાંચ સિટી પૈકી પ્રત્યેકમાં ૨૫ હજાર કરોડનો અંદાજ બાંધીએ તો પણ સાત શહેરોમાં કુલ મૂડીરોકાણ ત્રણ લાખ કરોડ કરતાં વધારે થવાનું અનુમાન સરકારનો શહેરી વિભાગ વ્યક્ત કરી રહ્યો છે...

**ત્રાસવાદ વિરોધી બિલ ફરી રજૂ કરાશે ...**

ગુજરાતનું ત્રાસવાદ વિરોધી બિલ ભારતની મોદી સરકારે પરત કર્યું છે. મોદીએ જ ૨૦૦૩માં ગુજરાતમાં ગુજકોકનો કાયદો લાવવાનો પ્રયાસ કર્યો હતો. ગુજકોક પાસ ન થયું એટલે રાજય સરકારે ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ બીલ વિધાનસભામાં રજૂ કર્યું હતું, તેને પણ કેન્દ્ર સરકારે

### અમેરિકા ઝુકે છે તેના લાભ માટે, આપણો રૂપિયો હોમાય છે ડોલરમાં

૪૮,૦૦૦ કરોડનું રોકાણ કરી રહી છે. પાંચ વર્ષમાં આ ગોલ સિદ્ધ કરવાનું આયોજન છે. ગુજરાતના સાત શહેરોને સ્માર્ટ સિટીની વ્યાખ્યામાં મૂકવામાં આવ્યા છે જે પેટે ૩૦૦૦ કરોડનું ભંડોળ મળવાપાત્ર છે. વિશ્વના ૧૪ દેશોએ ભારતમાં સ્માર્ટ સિટીના નિર્માણ માટે તત્પરતા દર્શાવી છે જેમાં અમેરિકા, જાપાન, ચાઈના, સિંગાપોર,



### આદિવાસી સમાજના રિવાજો બાળ-વિવાહના કલંકને ભૂંસી શકશે નહીં

જર્મની, ફ્રાન્સ, નેધરલેન્ડ, સ્વીડન, ઈઝરાયલ, તુર્કી અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો સામેલ છે. ગુજરાતમાં સ્માર્ટ સિટીના નિર્માણ માટે ચાઈના, જાપાન, નેધરલેન્ડ, દુબાઈ અને સિંગાપોરે રસ દાખવ્યો છે. કેન્દ્ર સરકાર પ્રતિવર્ષ એક સ્માર્ટ સિટી માટે ૧૦૦ કરોડ આપશે. જાણીને નવાઈ લાગશે કે દેશમાં ૪૦૪૧ શહેરો છે જે પૈકી ૫૦૦ શહેરોની જનસંખ્યા એક લાખથી વધારે છે. ભાજપનું પ્રથમ સ્માર્ટ સિટી ગાંધીનગરનું ગિફ્ટ સિટી બનશે અને

ફગાવી દીધું છે, હવે વિધાનસભાના ઓગષ્ટના અંતમાં મળનારા ત્રણ દિવસના ચોમાસુ સત્રમાં કેન્દ્રએ સૂચવેલા સુધારા સાથે આ બિલ રિઈન્ટ્રોડ્યુસ કરવામાં આવી રહ્યું છે. ભારત સરકારના ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટે તેમાં સુધારો સૂચવ્યો છે. ટેલિફોનિક કન્વર્ઝન ઈન્ટરસેપ્શન ઓથોરાઈઝેશન અને તેના એવિડન્સ બાબતે વાંધો ઉઠાવ્યો છે. જો કે આ સુધારો કરવા રાજય સરકાર તૈયાર થઈ છે તેથી ત્રાસવાદ વિરોધી આ નવા બિલને સ્વિકૃતિ મળવાના ચાન્ચ વધી ગયા છે...

● અનુસંધાન પાન-૭ પર



બિસ્માર માર્ગો - ગાંધીનગર શહેરમાં માર્ગોનું વારંવાર રીસરફેસીંગ કરવામાં આવે છે... પણ વિકાસની પોલ ખોલતા આ માર્ગો સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન ભાસી રહ્યા છે... શહેરના મુખ્યમાર્ગો એક જ સારા વરસાદથી ધોવાઈ જાય છે, માર્ગો પર મસ મોટા ગાબડા પડી જાય છે... માર્ગ નવીનીકરણ કર્યા બાદ વાહનચાલકોના પેટનું પાણી પણ હાલતું નથી પણ વરસાદથી ધોવાયેલા માર્ગો પર વાહનચાલકો વાહન ચલાવતા હાલક-ડોલક થઈ જાય છે... (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરનો સ્માર્ટસીટી પ્રોજેક્ટ્સમાં સમાવેશ થશે

### ૧૫મી ઓગષ્ટે વિધિવત્ ઘોષણા થશે તેવી શક્યતાઓ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં ભારત સરકારે સમાવેશ કરી લીધો હોવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે અને તેની વિધિવત્ ઘોષણા ૧૫મી ઓગષ્ટના રોજ કરવામાં આવશે.

ભારત સરકારે ૧૦૦ સ્માર્ટસીટી પ્રોજેક્ટસ્ માટે નાના શહેરો અને ખાસ કરીને વિકાસ પામી રહેલા શહેરોના સમાવેશને અગ્રતા આપી છે. રાજ્યોના મુખ્ય શહેરોનો સમાવેશને પણ અગ્રતા આપી છે.

શહેરી વિકાસ વિભાગે ગિફ્ટસીટીની સાથે સાથે સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં ગાંધીનગરનો પણ સમાવેશ કરવા માટેની દરખાસ્ત મોકલી આપી છે અને ભારત સરકાર તરફથી તેને સ્વીકૃતિ ઝડપથી આપી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકા એ સ્માર્ટ સીટીમાં સમાવવા માટેનો પ્રસ્તાવ પણ પસાર કરી રાજ્ય સરકારને મોકલ્યો હતો જે ઉલ્લેખનીય છે.

સ્માર્ટ સીટી પ્રોજેકટસ્ માટે કેન્દ્ર સરકારે ૪૮ હજાર કરોડ જેટલી માતબર રકમ પર માર્ક કરેલી છે. ગાંધીનગર શહેરનો જર્નુમનો સમાવેશ નહિ થવાથી કેન્દ્ર અન્યાય કરી રહ્યાની ભાવના જનમાનસમાં અંકિત થઈ હતી હવે સ્માર્ટ સીટી પ્રોજેકટ્સ જે પ્રધાનમંત્રીનો એક અતિ મહત્વાકાંક્ષી પ્રોજેકટસ્ છે તેમાં સમાવેશ થવાની આશા જાગી છે.

# ગાંધીનગરનો સ્થાપના દિવસ સાદગીથી ઉજવાયો

### હાઈટેક વિકાસ પણ માળખાગત સુવિધાનો અભાવ : જી.ઇ.બી. ખાતે સાદગીપૂર્ણ રીતે નગરનો જન્મદિવસ ઉજવાયો : મેટ્રો રેલ પ્રાજેક્ટનો લાભ નગરને મળે તે માટે પ્રબળ માંગ

ગાંધીનગર તા ૨

વન પ્રવેશમાં આગળ વધતા ગાંધીનગરનો વિકાસ થયો છે. પરંતુ હજુ માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ થઈ નથી. જયારે મેટ્રો રેલના મહત્વકાંક્ષી પ્રોજેકટનો લાભ અમદાવાદની જેમ ગાંધીનગરને મળે તેવી પણ પ્રબળ માંગ પણ શહેરીજનોમાં ઉઠવા પામી છે. જી ઇ બી ખાતે પ્રથમ ઇંટ મુકાઇ તે સ્થળે આજે નગરના અગ્રણીઓ દ્વારા સાદગીપૂર્વક ગ્રીન સીટીના ૫૧ મા જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તબક્કે કલામજીને શ્રધ્ધાંજલિ અર્પવા બે મિનિટનુ મૌન પાળવામાં આવ્યુ હતુ.

ગાંધીનગરના જન્મદિવસની ઉજવણી આજે સાદગીપૂર્ણ રીતે કરવામાં આવી હતી. શહેરના ૫૧ માં જન્મદિવસે શહેર વસાહત મહામંડળ દ્વારા જી ઇ બી ગેસ્ટ હાઉસ ખાતે જયાં નગરના વિકાસની પ્રથમ ઇંટ મુકવામાં આવી તે સ્થળે દિપ પ્રાગટ્ય કરીને શહેરનો જન્મદિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ તબક્કે પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર

● અનુસંધાન પાન-૭ પર



# વિદ્યાર્થીઓને શાળામાં પ્રાર્થના સમયે રોગચાળાથી બચવા માર્ગદર્શન અપાશે

### શાળા સંકુલમાં કોઇ ઠેકાણે પાણીનો ભરાવો ન થાય તે માટે આચાર્યોને સુચના વિદ્યાર્થીઓને વાહકજન્ય રોગચાળાથી બચવા જાગૃત કરાશે

ગાંધીનગર તા ૨

વરસાદી ઋતુ દરમિયાન જિલ્લાની શાળાઓમાં મચ્છર ઉત્પતિ સ્થાનો ડામવા તેમજ વિદ્યાર્થીઓને ડેન્ગ્યુ મેલેરીયા જેવા રોગચાળાથી રક્ષણ પુરુ પાડવા જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાના આચાર્યોને જાગૃતિ દાખવવા સુચના આપી છે. જયારે રોગચાળાની સંભવિત સ્થિતિને ધ્યાને લઈ શાળા સંકુલમાં કોઈ ઠેકાણે પાણી ન ભરાય તેમજ વિદ્યાર્થીઓને આખી બાંયના ડ્રેસ પહેરવાની છુટ આપવા પણ જણાંવાયુ છે.

વરસાદી ઋતુ દરમિયાન મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વધતા રોગચાળાનો ખતરો મંડરાય છે. હાલમાં પણ વરસાદના અંતે મચ્છરો માટે ફેવરેબલ વાતાવરણ હોવાનુ મનાય છે. જયારે શહેરી વિસ્તારમાં પણ મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. વાદળિયા વાતાવરણ વચ્ચે મચ્છરોનો ત્રાસ વધી ગયો છે. આગામી દિવસોમાં રોગચાળો ભરડો લે તેવી શકયતા છે. ત્યારે શાળાઓમાં પણ વિદ્યાર્થીઓને રોગચાળાની અસરથી બચાવવા કેટલાક જરૂરી પગલા લેવા ડી ઈ ઓ એ સુચના આપી છે. જિલ્લા શિક્ષણાધિકારી એ આચાર્યોને શાળામાં કોઈ ઠેકાણે પાણી ન ભરાય તે માટે તકેદારી રાખવા જણાંવ્યુ છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને તેમના ઘરની આસપાસના વિસ્તારમાં પણ પાણીનો ભરાવો ન થાય તેમજ મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા જાગૃત કરવા તેમજ જરૂરી માર્ગદર્શન આપવા પણ જણાંવાયુ છે. જયારે વિદ્યાર્થીઓને તાવ આવ્યો હોય તેવા કીસ્સામાં નજીકના આરોગ્ય કેન્દ્રમાં સંપર્ક કરી સારવાર પુરી પાડવા જાણ કરવી તેમ પણ જણાંવાયુ છે. આ ઉપરાંત શાળામાં પ્રાર્થના સમયે મેલેરીયા તેમજ ડેન્ગ્યુ જેવા રોગચાળાથી બચવા શુ કરી શકાય તે અંગેનુ માર્ગદર્શન પુરુ પાડવા જણાંવાયુ છે.



**હિંડોળા** - ગુરૂપૂર્ણિમાના પર્વના પગલે મંદિરોમાં કલાત્મક હિંડોળાનો મહોત્સવ આરંભાયો હતો... સેક્ટર-૨ ઉના સ્વામિનારાયણ મંદિર ખાતે પ્રકૃતિના પાન અને પુષ્પોથી ભગવાનનો શણગાર કરાયો હતો...

# ઉપચારાત્મક શિક્ષણની સમીક્ષા માટે આ સપ્તાહે ખાસ બેઠકનું આયોજન

### પદ્યપઠન સ્પર્ધાઓ દરેક શાળા કક્ષાએ યોજવાની વિચારણા

### ગણિત-વિજ્ઞાન મેળાઓના આયોજનને લઈ પણ ચર્ચાઓ થશે

ગાંધીનગર, તા. ૨

ગુણોત્સવના નબળા પરિણામોની સુધારણા માટે યોજાયેલ ઉપચારાત્મક વર્ગોના અભિયાનની સમીક્ષા સપ્તાહે કરવામાં આવનાર છે.

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, બીટ નીરક્ષકો તેમજ બી.આર.સી. ની એક સંયુક્ત બેઠક આ સપ્તાહના અંતમાં જી.સી.આર.ટી. ખાતે યોજાશે જેમાં અભિયાનની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવશે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ પ્રયાસોમાં ઉભી થયેલી રૂકાવટોને લઈ વધુ એક માસ અભિયાન લંબાવવામાં આવશે તેમજ શિક્ષણના સાર્વત્રિકરણની સાથેસાથે ગુણવત્તાસભર શિક્ષણ પર વિશેષ ભાર મુકવામાં આવશે.

ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં ગણિત-વિજ્ઞાન જેવા વિષયોમાં રૂચિ વધે તેમજ વૈદિક ગણિત પર પણ ભાર મુકી ભાર વગરના ભણતરનો અભિગમ અપનાવવા પર ભાર મુકવામાં આવશે.

આ સમીક્ષા બેઠકમાં આગામી માસમાં યોજાનાર ગણિત-વિજ્ઞાન મેળાઓના આયોજનની રૂપરેખા પણ તૈયાર કરવામાં આવનાર છે.

ગણન-લેખન-વાંચનની સાથે સાથે બાળકોમાં ઈતર વાંચનની અભિરૂચિ કેળવવા પર પણ ભાર મુકવામાં આવશે અને તેથી પદ્યપઠન જેવી સ્પર્ધાઓ શાળાઓમાં યોજાય તેનુ વિશેષ આયોજન કરવામાં આવે તેવી શક્યતાના નિર્દેશો મળી રહ્યા છે.

જિલ્લો શિક્ષણ ક્ષેત્રે મોડેલ ડિસ્ટ્રીક્ટ બને તે માટે તો રોડમેપ પણ તંત્ર દ્વારા તૈયાર કરાયો છે તેની પ્રાથમિક ચર્ચાઓ આ બેઠકમાં થાય તેવી શક્યતાઓ છે. જેમાં સ્વૈચ્છીક સંસ્થાઓને સાંકળવાની સાથે સાથે સફળ નેતૃત્વ પુરૂ પાડનાર વ્યક્તીઓના પ્રવચનોની હારમાળાનું આયોજન પણ વિચારાયુ હોવાનું જાણવા મળેલ છે.

**હાર્દિક અભિનંદન**



**રાજેશ સીતારામ પંચોલી**
મેનેજીંગ ડીરેક્ટર
ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લી., ગાંધીનગર

આપની ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીમાં ડીરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાઈ આવી મંડળીમાં મેનેજીંગ ડીરેક્ટર તરીકે વરણી થવા બદલ હાર્દિક અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરો તેવી અમારી શુભકામનાઓ...

શુભેચ્છક

**કમલેશ ડી. પટેલ** સેક્ટર-૨૩
**મુકેશ કામોઠી** રૂપકલા સીલેક્શન, સે.૨૪
**મુકેશ પટેલ** ખોડલ ઈલેક્ટ્રોનિક્સ
**રાકેશ મીસ્ત્રી** રૂપકલા સીલેક્શન, સે.૨૪

# શહેરના સરકારી આવાસોમાં પાણી સંગ્રહ કરવાની વ્યવસ્થા છીનવાઈ

### ઘાબાની ટાંકીઓ તોડી નંખાયા બાદ રહીશોમાં પાણીની પોકાર

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં વિવિધ સેકટરોમાં સ્થિત સરકારી આવાસો સાવ કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. જયારે સરકારી આવાસોના ઘાબેથી પાણીની ટાંકીઓ તોડી નંખાયા બાદ વસાહતીઓ માટે પાણીની સમસ્યા જટીલ બની છે. રહીશો મોટર મારફતે પાણી ખેંચે છે. પરંતુ પાણી સ્ટોર કરવાની સમસ્યા શિરદર્દ સમાન બની છે. તંત્ર દ્વારા મુકવામાં આવતી ટાંકી મોટી હોવાના લીધે વસાહતીઓના ઘરમાં પણ જઈ શકતી નથી.

જેના સરકારી આવાસમાં આમપણ પાણીની બૂમ ઉઠવા પામે છે. આવા સંજોગોમાં પાણીની સમસ્યા વધુ જટીલ બની છે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો સમય જતા જાળવણીના અભાવે ભયજનક બન્યા છે. સરકારી આવાસોના મજબુતીકરણનું કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહયુ છે. પરંતુ રીનોવેશનના કામમાં પણ ગુણવત્તા ન જળવાતા આવાસોની હાલતમાં કોઈ સુધાર આવતો નથી. જેના પરિણામે કેટલાક કિસ્સામાં વસાહતીઓ તેમના રહેણાંક મકાનોમાં રીનોવેશન ન થાય તેવી પણ માંગણી કરી રહયા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરના સરકારી આવાસોના ઘાબે સ્થિત પાણીની ટાંકીઓ મચ્છર ઉત્પત્તિ સ્થાનોમાં ફેરવાઈ હોવાનુ સ્પષ્ટ થતા તંત્ર દ્વારા તબક્કાવાર આવાસોના ઘાબેથી પાણીની ટાંકીઓ તોડવાનુ અભિયાન શરૂ કરવામાં આવ્યુ હતુ. જેના અંતે હાલ મોટાભાગના સરકારી આવાસોમાં પાણીની ટાંકી નથી જયારે પાણીના સ્ટોરેજ માટે તંત્ર દ્વારા મુકવામાં આવેલી ટાંકી મોટી હોવાથી ઘરમાં ધુસી શકતી નથી જેના પરિણામે વસાહતીઓ પાણીનો સ્ટોર કરી શકતા નથી. આ ઉપરાંત રીનોવેશન દરમિયાન મુકાયેલા વોશ બેઝિનમાં પાઈપલાઈનની વ્યવસ્થા ન થતા કોઈ હેતુ સરતો નથી.

**ટચુકડી જાહેર ખબર**
માત્ર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com